# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- વિધાનસભા ગૃહમાં કાળા જાદુ અને અંધશ્રદ્ધા નિર્મૂલન ખરડો સર્વાનુમતે પસાર કરાયો
- છેલ્લા 2 વર્ષમાં રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ શહેરી યોજનાના 55 હજાર 575 આવાસ તૈયાર કરાયા
- છેલ્લા 17 વર્ષમાં 108 એમ્બુલન્સ સેવાએ 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા
- રાજ્યની સહકારી બેન્કોમાં અત્યાર સુધીમાં સૌથી વધુ 22 લાખ નવા ખાતા ખોલાયા - 6 હજાર 500 કરોડ રૂપિયાની થાપણ જમા થઈ
- 'બેટ દ્વારકા'ને વિશ્વકક્ષાએ નામના મળે તે રીતે કાયાપલટ કરાશે. પ્રવાસન વિભાગે પ્રથમ તબક્કાના કામ માટે 150 કરોડ રૂપિયા ફાળવ્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# VIDHANSABHA KALA JADU BILL

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના પહેલા દિવસે ગઈકાલે ગૃહમાં કાળા જાદુ અટકાવવા અને નિર્મૂલન ખરડો સર્વાનુમતે પસાર કરાયો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, રાજ્યમાં અનેક લોકોએ કાળા જાદુના કારણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે. આ કાયદાથી કાળા જાદુ કરતા લોકો સામે કાર્યવાહી કરાશે. તેમણે કહ્યું, સૌ બહેનોની સુરક્ષા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ કાયદો ભેટ સ્વરૂપે લવાયો છે.

શ્રી સંઘવીએ કહ્યું, આ કાયદાની જોગવાઇના ભંગ બદલ 6 મહિનાથી લઈ સાત વર્ષ સુધીની કેદની સજા અને 5 હજાર રૂપિયાથી લઈ 50 હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત ગુનામાં મદદ કરનાર અથવા આ પ્રકારનો ગુનો કરવાનો પ્રયાસ કરનારને આ કાયદા હેઠળ ગુનો આચર્યો હોવાનું માની લેવાશે અને તે પ્રમાણે જ સજા કરાશે.. આ ગુનાને પોલીસ અધિકારનો અને બિન જામીનપાત્ર રહેશે તેવી જોગવાઇ કરી છે.

---

-(Gujarat information – pravesh)
-(NAVIN)

# VIDHANSABHA SHOKDARSHAK THARVA

ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 15મી વિધાનસભાના પાંચમા સત્રના પહેલા દિવસે ગઈકાલે શોકદર્શક ઠરાવો રજૂ કર્યા હતા. તેમણે  પૂર્વ રાજ્યપાલ સ્વ. ડૉ. કમલા બેનીવાલને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ ઉપરાંત પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી બિપીન શાહ તેમ જ પૂર્વ સભ્યો સ્વ. શિવભદ્રસિંહ ગોહિલ, સ્વ. રત્નાભાઈ ઠુંમર, સ્વ. રામસિંહ સોલંકી, સ્વ. નંદકિશોર દવે, સ્વ. ખુરશીદ હૈદર પીરઝાદા, સ્વ. સામતભાઈ રાઠોડ અને સ્વ. કરશનભાઈ ઓડેદરાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, મંત્રીઓ તથા સત્તાપક્ષ અને પ્રતિપક્ષના ધારાસભ્યોએ દિવંગત પૂર્વ સભ્યોને બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત પ્રધાનમંત્રીનું પદ સંભાળ્યું તે બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાન ગૃહના નેતા તરીકે અભિનંદન સંકલ્પ રજૂ કર્યો.

-------------------------------------------------------------------------

-રીપીટ

# PM AVAS YOJANA GHAR

રાજ્યમાં છેલ્લા 2 વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના 55 હજાર 575 આવાસ તૈયાર કરાયા છે. આ માટે સરકારે એક હજાર 952 કરોડ રૂપિયાની સહાય ચૂકવી છે. ગુજરાત વિધાનસભામાં ટૂંકી મુદતના પ્રશ્નમાં રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી અંગેની સ્થિતિના પ્રત્યુત્તરમાં શહેરી વિકાસ વિભાગ વતી મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપી હતી.

શ્રી પટેલે જણાવ્યું કે, આર્થિક રીતે નબળા વર્ગોના લોકોને આવાસની સુવિધા મળી રહે એ માટે હાઉસિંગ ફોર ઑલના પ્રધાનમંત્રીના સંકલ્પને સાકાર કરવા છેલ્લા 2 વર્ષમાં 55 હજાર 575 આવાસ પ્રધાનમંત્રી આવાસ શહેરી યોજના હેઠળ પૂર્ણ કરાયા છે. મંત્રીશ્રીએ ઉંમેર્યું કે, રાજ્યમાં 9 લાખ 78 હજાર જેટલા આવાસ મંજૂર કરાયા છે, જે પૈકી 8 લાખ 63 હજાર આવાસ પૂર્ણ થયા છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2015માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આર્થિક રીતે નબળા વર્ગોના લોકોને આવાસની સુવિધા મળી રહે એ માટે હાઉસિંગ ફોર ઓલ નો સંકલ્પ કર્યો છે.

------------------------------------------------------------------

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# 108 EMERGENCY SERVICE

રાજ્યમાં કાર્યરત્ 108 ઇમરજન્સી સેવાએ છેલ્લા 17 વર્ષમાં 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા છે. જ્યારે અત્યાર સુધીમાં 1 લાખ 43 હજાર બાળકોનો જન્મ એમ્બુલન્સમાં થયો છે. 29 ઑગસ્ટ 2007ના દિવસે શરૂ થયેલી આ સેવાને આ વર્ષે 17 વર્ષ પૂર્ણ થશે.

108 GVK EMRIના ચીફ ઑપરેટિંગ ઑફિસર જસવંત પ્રજાપતિએ જણાવ્યું, 20 ઓગસ્ટ 2024 સુધીમાં 108 સેવા થકી 1 કરોડ 63 લાખથી વધુ લોકોને કટોકટીના સમયે સેવા, 2 લાખ 31 હજારથી વધુ પોલીસ અને 6 હજારથી વધુ અગ્નિશમન આમ કુલ 1 કરોડ 66 લાખથી વધુ વિક્રમજનક કૉલ અટેન્ડ કરાયા છે.

શ્રી પ્રજાપતિએ ઉંમેર્યું, રોડ અકસ્માત સંબંધિત 20 લાખ 28 હજારથી વધુ ઇમરજન્સી તેમ જ 16 લાખ 38 હજારથી પણ વધુ લોકોને તાત્કાલિક સારવાર આપીને તેમના જીવ બચાવવામાં આવ્યા છે. રાજ્યમાં હાલમાં 800થી વધુ 108 એમ્બુલન્સ કાર્યરત્ છે, જેમાં 4 હજારથી વધુ કર્મચારી સેવા આપી રહ્યા છે.

---

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# VIDHANSABHA SAHAKARI BANK ACCOUNTS

રાજ્યની સહકારી બેન્કોમાં અત્યાર સુધીમાં સૌથી વધુ અંદાજે 22 લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે. આ ખાતાઓમાં 6 હજાર 500 કરોડ રૂપિયાની થાપણ પણ જમા થઈ છે તેમ સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ વિધાનસભા ગૃહમાં માહિતી આપી હતી.

રાજ્ય વિધાનસભામાં શ્રી વિશ્વકર્માએ કહ્યું, બનાસકાંઠામાં પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત સહકારી મંડળીઓના ખાતા જિલ્લા સહકારી બેન્કમાં ખોલવવા માટે સમજૂતી કરવામાં આવી હતી, જે હેઠળ એપ્રિલ 2023થી જુલાઈ 2024 સુધીમાં બનાસકાંઠામાં કુલ 616 દૂધમંડળીઓના નવા ખાતા જિલ્લા મધ્યસ્થ સરકારી બેન્કમાં ખોલાયા છે. આ પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં એક વર્ષમાં અંદાજે ચાર લાખ નવા ખાતા ખોલાયા છે, જેમાં 1 હજાર 200 કરોડ રૂપિયાની થાપણ જમા થઈ છે.

મંત્રી શ્રી વિશ્વકર્માએ ગૃહમાં કહ્યું કે, દરેક ગામમાં માઈક્રો ATMના લક્ષ્યાંક સાથે 7 હજાર 800થી વધુ માઇક્રો ATM કાર્યરત્ છે.

---------------------------------------------------------------------

-(માહિતી ખાતા – પ્રવેશ) -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# BET DWARKA VIKAS

ગુજરાત પ્રવાસન વિભાગ દેવભૂમિદ્વારકાના બેટ દ્વારકાનો ત્રણ તબક્કામાં વિકાસ કરશે. 'બેટ દ્વારકા'ને વિશ્વકક્ષાએ નામના મળે તે રીતે કાયાપલટ કરાશે. પ્રવાસન વિભાગે પ્રથમ તબક્કા માટે 150 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

આ વિકાસકાર્યોમાં મુખ્ય મંદિરથી લઇ બીચ સુધીનો વિસ્તાર, ડોલ્ફિન માટે જાણીતો એક માત્ર બેટ દ્વારકાનો 'નોર્થ-પદમ બીચ', યાત્રીકોની સુવિધામાં વધારો કરવાના કામોનો સમાવેશ થાય છે.

ઉપરાંત દ્વારકાધીશ મંદિર વિકાસ, સ્ટ્રીટ બ્યુટિફિકેશન, હેરિટેજ સ્ટ્રીટ ડેવલપમેન્ટ, શંખનારાયણ મંદિર અને તળાવ ડેવલપમેન્ટ, નોર્થ બીચ ડેવલપમેન્ટ-પબ્લિક બીચ, ટૂરિસ્ટ વિઝિટર સેન્ટર અને હાટ બજાર તથા હિલ્લોક પાર્ક વીથ વ્યૂઈંગ ડેક બનાવવામાં આવશે.

---

-રીપીટ

# CM SWAGAT ON LINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ આજે 22 ઓગસ્ટની જગ્યાએ આવતા ગુરૂવારે 29 ઓગસ્ટે યોજાશે. ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના સત્રને અનુલક્ષીને સ્વાગત કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે.. નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાય છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# WEATHER

રાજ્યમાં હવામાન વિભાગે આગામી છ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આજે અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દાહોદ, છોટાઉદેપુર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ જાહેર કરાયું છે. ઉપરાંત 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. રાજ્યમા આજે પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધીમાં 67 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સત્તાવાર આંકડા મુજબ, સૌથી વધારે 71 મિલીમીટર વરસાદ આણંદના ખંભાત તાલુકામાં વરસ્યો હતો. જ્યારે ખેડાના કઠલાલ તાલુકામાં 54 મિલીમીટર વરસાદ નોંધાયાના અહેવાલ છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે , ગઈકાલે ભાવનગર જિલ્લાના મહુવામાં અડધા ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.અને ગોહિલવાડ પંથકમાં પણ ફરી વરસાદી માહોલ જામ્યો હતો.

ડાંગનાં અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે આહવા તાલુકામાં દોઢ કલાકમાં જ 2 ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. બપોર બાદથી વાતાવરણમાં પલટો આવ્યા બાદ મુશળધાર વરસાદને પગલે નદીમાં પાણીની આવક પણ વધી હતી.

---

- **(SEOC** - પીટીસી- ભાવનગર, ડાંગ- રિધ્ધિ -**PRAVESH)**

# MAHENDRA PADALIYA RAJUAT

સૌરાષ્ટ્ર વિસ્તારના કેટલાક જિલ્લાઓ અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત થયા હતા. અને ખેડૂતોએ કરેલ મગફળી અને કપાસના પાકમાં વ્યાપક નુકસાન થતા તેનો સર્વે કરી યોગ્ય સહાય જાહેર કરવા ધારાસભ્ય ડૉ. મહેન્દ્ર પાડલિયાએ કૃષિ મંત્રી રાઘવજી પટેલને અનુરોધ કર્યો છે.

શ્રી પાડલિયાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ રાજ્યના જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને રાજકોટ સહિત અનેક જિલ્લાના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ખેડૂતોએ વાવેતર કરેલા મગફળી અને કપાસના પાકને ભારે

નુકસાન થતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાઇ રહી છે. જેને લઈ તાત્કાલિક ધોરણે પાક નુકશાન અને જમીન ધોવાણ થયું હોય તેવા ખેતરોનો સર્વે થાય અને ખેડૂતોને થયેલા નુકસાન માટે રાજ્ય સરકાર સહાય જાહેર કરે તેવી માગ છે

---------------------------------------------------------------------

- મા.ખાતું- રાજકોટ- રિધ્ધિ

-(NAVIN)

# GTU - NATIONAL SPACE DAY

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા આવતીકાલે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરાશે. આ વર્ષનો વિષય છે.. "જીવનને સ્પર્શવું, ચંદ્રને સ્પર્શવું".

એ માટે અવકાશી તકનીકી આપણા રોજિંદા જીવનને કેવી રીતે અસર કરે છે. આ નિમિત્તે એક પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરાયું છે. જે સ્પર્ધકની કલ્પના આકાશમાં ઉડાવવાની તક આપશે. આ સ્પર્ધા જી.ટી.યુ.ના તમામ ક્ષેત્રના વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે યોજાશે. વિદ્યાર્થીઓ, શિક્ષકો કે અવકાશમાં રસ ધરાવતા સૌ લોકોને આ સ્પર્ધામાં ભાગ લેવા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો સંપર્ક કરે... અથવા પોસ્ટર સ્પર્ધા માટે NSD Celebration પર નોંધણી કરાવી શકે છે.

---

- GTU YADI, HINA, SONAL

# BEST TEACHER AWARD

મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાની બાલસાસન પ્રાથમિક શાળાના શિક્ષિકા દીપ્તિ જોશીની રાજ્ય પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે. તેઓ એક ઇનોવેટિવ શિક્ષક તરીકે મહાકુંભ, કલા ઉત્સવ જેવી વિવિધ પ્રવૃતિઓ દ્વારા શિક્ષણકાર્યમાં વિધાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડે છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દર વર્ષે 5 સપ્ટેમ્બરે શિક્ષક દિવસે રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા શિક્ષકોને રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

---

- PTC-MEHSANA-JAYANTI CHAUDHARY, YASHVI MEHTA, SONAL

# TRAIN DIVERT

પશ્ચિમ મધ્ય રેલવેના જબલપુર ડિવિઝનના કટની મુરવારા-બીના સેક્શન પર કામગીરી ચાલી રહી છે..

આ અંતર્ગત દમોહ સ્ટેશન પર ત્રીજી લાઇન પર ચાલી રહેલા સમારકામના કારણે, 26 ઓગસ્ટથી 13 સપ્ટેમ્બર 2024 સુધી બ્લોક થશે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ટ્રેન બદલાયેલા રૂટ પર ચાલશે..

સોમનાથ – જબલપુર એક્સપ્રેસ નવ સપ્ટેમ્બર ના રોજ ભોપાલ, ઇટારસી અને જબલપુર સ્ટેશનના રસ્તા ડાયવર્ટ કરાશે. જ્યારે જબલપુર – સોમનાથ એક્સપ્રેસ 26, 30 ઓગસ્ટ અને 2, 6, 9 અને 13 સપ્ટેમ્બરના રોજ માટે જબલર, ઇટારસી અને ભોપાલ સ્ટેશનના રસ્તા ડાયવર્ટ કરાશે.

---

- PTC-RAJKOT-JAYDEEP PANDYA, HARSHAL PANDYA, SONAL